
b. In respect of shares held in physical form - (i) by writing to the Company's Registrar and Share Transfer Agent viz KFin Technologies Limited, with details of Folio number, and self-attested copy of PAN card at KFin Technologies Limited at Selenium Building, Tower -B, Plot No. 31 & 32, Financial District, Nanakramguda, Serilingampally, Hyderabad, Rangareddi, Telangana - 500032 or (ii) by sending email to investorrelations@kfintech.com

Members holding shares in demat form can also send e-mail to aforesaid email id to register their email address for the limited purpose of receiving the Notice of 14th AGM and Integrated Annual Report for the F.Y. 2024-25.

The company will provide facility to Members to exercise their rights to vote by electronic means. The instructions for joining the 14th AGM through VC/ OAVM and the process of e-voting (including the manner in which members holding shares in physical form or who have not registered their email address can cast their vote through e-voting), will form part of the Notice of 14th AGM.

Notice convening the 14th AGM and Integrated Annual Report for the F.Y 2024-25 will also be available on the website of the company at www.darshanorna.co.in and the stock exchange viz BSE at www.bseindia.com in due course.

Date : 04-09-2025
Place : Ahmedabad

For, Darshan Orna Limited
sd/- **Ritesh Mahendrabhai Sheth**
Managing Director- DIN : 07100840

## बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

**BANK OF BARODA - SAYAJIGUNJ BRANCH**
Yash Kamal, Lok Manya Tilak Road,
Sayajigunj, Vadodara-390005. Ph: 0265-2361893.
Email: sayaji@bankofbaroda.com

### APPENDIX -IV [Rule 8(1)] POSSESSION NOTICE (Immovable Property)

under the Securitization and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002 and in exercise of Powers conferred under Section 13(12) read with (Rule-8) the Security Interest (Enforcement) Rules, 2002, issued a **Demand Notice dated 30-11-2024** calling upon the Borrowers /Guarantor/ Mortgagor **M/s Sawaria Trading Company Prop. Mr. Ankit Laddha & Guarantor- Mr. Satyanarayan Madanlal Laddha** to repay the amount mentioned in the notice being **Rs. 3,22,15,082.80 (Rupees Three Crore Twenty-Two Lakh Fifteen Thousand Eighty-Two and Paisa Eighty Only) as on 30-11-2024** with further interest and expenses within 60 days from the date of notice/date of receipt of the said notice.

The Borrowers/Guarantor/Mortgagor having failed to repay the amount, notice is hereby given to the Borrowers/Guarantor/Mortgagor and the public in general that the undersigned has taken **Physical Possession** of the property described herein below in exercise of powers conferred on him/her under Section 13(4) of the said Act read with Rule 8 of the said Rules on this **31st day of August of the year 2025.**

The Borrowers/Guarantor/Mortgagor in particular and the public in general is hereby cautioned not to deal with the property and any dealings with the property will be subject to the charge of the **Bank of Baroda** for an amount of **Rs. 3,22,15,082.80 (Rupees Three Crore Twenty-Two Lakh Fifteen Thousand Eighty-Two and Paisa Eighty Only) as on 30-11-2024** and interest plus other charges thereon.

The borrower's attention is invited to provision of sub section (8) of the section 13 of the Act, in respect of time available, to redeem the secured assets.

**Description Of Immovable Property**

All that part & parcel of the equitable mortgaged of land at Revenue Survey No. 39-2,47, 48, Plot No. 24 "Super Market" Plot admeasuring area 248.14 Sq Mtrs i.e. 2669.99 Sq Ft at Mauje Village Bhadkodra, in the Registration Sub-District Ankleshwar and District Bharuch and bounded by: East: Adj Road, West: Adj Space, North : Adj Plot No. 25, South : Adj Plot No. 23

All that part & parcel of the equitable mortgaged of land at Revenue Survey No. 39-2,47, 48, Plot No. 23 "Super Market" Plot admeasuring area 249.27 Sq Mtrs i.e. 2682.15 Sq Ft at Mauje Village Bhadkodra, in the Registration Sub-District Ankleshwar and District Bharuch and bounded by: East: Adj Road, West: Adj Space, North : Adj Plot No. 24, South : Adj Plot No. 22

All that part & parcel of the equitable mortgaged of Residential Flat No. C-104 1st Floor C-Building "Subham Residency" admeasuring area 72.25 Sq Mtrs undivided share of land 21.27 Sq Mtrs at Mauje Ankleshwar in the Registration Sub-District Ankleshwar and District Bharuch and bounded by: East: Open Space of Passage, West: By Flat No. C-101 after open space, North : By Flat No. C-103, South : By Flat No. D-103

**Date: 31.08.2025**
**Place: Ankleshwar**

**Authorised Officer**
**Bank of Baroda**

## ISHAN Ishan Dyes and Chemicals Limited

**CIN:** L24110GJ1993PLC020737
**Reg. Off:** Plot No. 18, GIDC Estate, Phase I, Vatva, Ahmedabad - 382445, Gujarat, INDIA
Phone: +91-79-25832144/ 25893607 | Fax: +91-79-25833643
**E-mail:** ishandyes@yahoo.com • **Website:** www.ishandyes.com

### NOTICE OF THE 32ND ANNUAL GENERAL MEETING AND E-VOTING INFORMATION

Notice is hereby given that the 32nd Annual General Meeting (AGM) of the Equity Shareholders of Ishan Dyes and Chemicals Limited ("the Company") will be held on Monday, 29th September, 2025 at 01.00 P.M. IST through two way Video Conferencing ("VC") or Other Audio Visual Means ("OAVM") to transact the businesses as set out in the Notice of the 32nd AGM in compliance with the applicable provisions of the Companies Act, 2013 ('Act') & Rules framed thereunder and the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 read with all applicable Circulars on the matter issued by the Ministry of Corporate Affairs ('MCA Circulars') and Securities and Exchange Board of India ('SEBI Circular') to transact the businesses as mentioned in the 32nd AGM Notice, without the physical presence of the Members at a common venue.

Pursuant to Section 101 of the Act read with Rule 18 of the Companies (Management and Administration) Rules, 2014, Regulation 36 of the Listing Regulations, Secretarial Standard on General Meetings (SS-2) and in compliance with the MCA Circulars and SEBI Circular, the Notice of 32nd AGM along with the Annual Report 2024-25 have been sent on 04th September 2025 by email to those members whose email addresses are registered with the Company / Registrar and Share Transfer Agent / Depositories. The requirements for sending a physical copy of the Notice of the 32nd AGM and the Annual Report 2024-25 to the Members have been dispensed with vide MCA Circulars and SEBI Circulars. Members are hereby informed that the said AGM Notice is also available on the Company's website www.ishandyes.com, website of the Stock Exchanges i.e. National Stock Exchange of India Limited at www.nseindia.com and BSE Limited at www.bseindia.com and on the website of Central Depository Services (India) Limited (CDSL) at www.evotingindia.com.

Pursuant to Section 108 of the Act read with Rule 20 of the Companies (Management and Administration) Rules, 2014, as amended from time to time, Regulation 44 of the Listing Regulations and SS-2, the Company is providing its members the e-voting facility to cast their votes on the resolution set out in the AGM Notice by using an electronic voting system from a place other than the venue of the AGM (i.e., Remote E-voting). The Company will also provide a facility of e-voting to members during the AGM, who have not cast their vote by remote e-voting. The Company has entered into an arrangement with CDSL to provide e-voting. A person whose name appears on the Register of Members / Beneficial Owners as on the cut-off date i.e., Monday, 22nd September 2025, shall only be entitled to avail of the remote e-voting facility or e-voting during the AGM. The documents referred to in the Notice of the AGM are available electronically for inspection by the members from the date of circulation of the Notice of the AGM. Members seeking to inspect such documents can send an e-mail to cs.ishandyes@gmail.com.

The remote e-voting period will commence on Friday, 26th September 2025 (09:00 AM IST) and will end on Sunday, 28th September 2025 (05:00 PM IST). During this period, the member (s) of the Company may cast their votes electronically on items mentioned in the AGM Notice. The remote e-voting shall be disabled for voting by CDSL after 05.00 P.M. IST on Sunday, 28th September 2025. Once the vote on a resolution is cast by a member, any subsequent change shall not be allowed. The voting rights of the members shall be in proportion to their shares in paid-up share capital of the Company as on the cut-off date i.e., Monday, 22nd September 2025. The detailed instructions relating to remote e-voting and e-voting during the AGM are provided in the Notes forming part of the 32nd AGM Notice.

Only those Members, who will be present in the AGM through VC / OAVM and have not cast their vote on the Resolutions through remote e-voting and are otherwise not barred from doing so, shall be eligible to vote through e-voting system available during the 32nd AGM. Members who have cast their vote through remote e-voting will be eligible to attend the AGM. However, they will not be eligible to vote at the AGM.

Any person, who becomes a member of the Company after sending of the AGM Notice by email and holding shares as on Monday, 22nd September 2025, may refer to the AGM Notice and obtain the login ID and password from CDSL by sending a request at cs.ishandyes@gmail.com. Members whose email id is not registered may refer to the 'Process for those shareholders whose email addresses are not registered with the Depositories/Company/RTA for obtaining login credentials for e-voting' as detailed in 32nd AGM Notice.

In case of any queries or issues regarding remote e-voting, members may refer to the Frequently Asked Questions (FAQs) and e-voting manual available at www.evotingindia.com under help section or contact Mr. Rakesh Dalvi, Manager, CDSL, A Wing, 25th Floor, Marathon Futurex, Mafatlal Mill Compounds, N. M. Joshi Marg, Lower Parel (East), Mumbai – 400 013 at e-mail: helpdesk.evoting@cdslindia.com, Tel. No.: 022-23058542/43.

By order of the Board of Directors
**Ishan Dyes and Chemicals Limited**
SD/-
**Piyushbhai Natvarlal Patel**
Managing Director - DIN - 00450807

Place : Ahmedabad
Date : 05th September, 2025

## યુએસના સાંસદે ડોનાલ્ડ ટ્રમ્પને આપી મોટી ચેતવણી

# ભારત પર ટેરિફ એ સંબંધોને નુકસાન પહોંચાડી શકે છે

વોશિંગ્ટન, તા.૪

અમેરિકાની એક સાંસદે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને અમેરિકા દ્વારા ભારત પર લાદવામાં આવેલા ટેરિફ અંગે ચેતવણી આપી છે. યુએસ કોંગ્રેસના વરિષ્ઠ સાંસદ ગ્રેગરી મીક્સે કહ્યું કે, ટ્રમ્પ દ્વારા ભારત પર લાદવામાં આવેલ ભારે ટેરિફ એ સંબંધોને નુકસાન પહોંચાડી શકે છે, જેને વોશિંગ્ટન ઘણા દાયકાઓથી મજબૂત રીતે પોષી રહ્યું છે.

અમેરિકામાં ભારતીય રાજદૂત વિનય મોહન ક્વાત્રા સાથે મુલાકાત બાદ વિદેશ બાબતોની સમિતિમાં ડેમોક્રેટિક પાર્ટીના ટોચના રાજકારણી ગ્રેગરી મીક્સે કહ્યું કે, ડોનાલ્ડ ટ્રમ્પના મનસ્વી ટેરિફ બંને દેશો વચ્ચેના મહત્વપૂર્ણ સંબંધોને જોખમમાં મૂકી રહ્યા છે.

ગ્રેગરી મીક્સે એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે, મેં આપણા સંબંધોને વધુ મજબૂત ભાગીદારીને જોખમમાં મૂકી રહ્યા છે. તેમણે એ પણ ભાર મૂક્યો કે, કોંગ્રેસ યુએસ-ભારતની ભાગીદારીને સંપૂર્ણ સમર્થન આપે છે, જે છેલ્લા ૨૫ વર્ષોમાં, ખાસ કરીને ક્વાડ


### ગ્રેગરી મીક્સે કહ્યું કે, ડોનાલ્ડ ટ્રમ્પના મનસ્વી ટેરિફ બંને દેશો વચ્ચેના મહત્વપૂર્ણ સંબંધોને જોખમમાં મૂકી રહ્યા છે

બનાવવાની મારી પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે, યુક્રેનમાં શાંતિ માટેની આપણી સહિયારી આશાની ચર્ચા કરી અને રાષ્ટ્રપતિ ટ્રમ્પના મનસ્વી ટેરિફ અંગે મારી ચિંતા વ્યક્ત કરી હતી, જે ભારત-અમેરિકાની મહત્વપૂર્ણ સમિટ દ્વારા વધુ ગાઢ બની છે.

યુએસમાં ભારતીય રાજદૂત વિનય મોહન ક્વાત્રાએ યુએસ સાંસદ મીક્સનો તેમના સતત માર્ગદર્શન અને મજબૂત સમર્થન બદલ આભાર માન્યો હતો.

આ ઉપરાંત, તેમણે કહ્યું કે, બંનેએ વેપાર, ઊર્જા, ઈન્ડો-પેસિફિક અને પરસ્પર હિતો સંબંધિત વિવિધ મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરી હતી. આ ઉપરાંત, ક્વાત્રાએ કોંગ્રેસનલ એનર્જી એક્સપોર્ટ કોકસના અધ્યક્ષ કેરોલ મિલર સાથે પણ અલગથી મુલાકાત કરી હતી. આ દરમિયાન, તેમણે કેરોલ સાથે ભારતની ઊર્જા સુરક્ષા અને યુએસ સાથે વધતા હાઈડ્રોકાર્બન વેપાર વિશે ચર્ચા કરી હતી.

રશિયાથી ક્રૂડ ઓઈલ આયાત કરવા બદલ, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મનસ્વી રીતે ભારત પર ૫૦ ટકાનો વધારાનો ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી, જે થોડા સમય પહેલા જ ભારત પર લાગુ કરવામાં આવ્યો છે. જોકે, ભારત પર ભારે ટેરિફ લાદવા બદલ વોશિંગ્ટનમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પની આકરી ટીકા થઈ રહી છે. ટ્રમ્પના આ પગલાથી વોશિંગ્ટનમાં એક નવો વિવાદ ઉભો થયો છે. યુએસ કોંગ્રેસના સાંસદોએ ટ્રમ્પ પર ચીન અને રશિયા પાસેથી મોટા પ્રમાણમાં ક્રૂડ ઓઈલ ખરીદતા અન્ય મોટા આયાતકારોને બાકાત રાખીને ઈરાદાપૂર્વક ભારતને નિશાન બનાવવાનો આરોપ લગાવ્યો છે.




પોર્ટુગલના લિસ્બન શહેરમાં પ્રવાસીઓ માટેના જાણીતા સ્થળ ગ્લોરિયા ફયુનિકલર ખાતે યાત્રીઓ સાથેની ટ્રેન પાટા પરથી ઉતરીને એક ઈમારત સાથે અથડાતા સર્જાયેલી ટ્રેન દુર્ઘટનામાં ૧૫ લોકોના મોત થયા હતા અને ૧૮ ઘાયલ થયા હતા ટ્રેનનો કેબલ તૂટી જતાં અનિયંત્રિત સમતૂલા ગુમાવતા ટ્રેન પાટા પરથી ખડી ગઈ હતી.

# પટણા-ગયા હાઈવે પર ગોઝારો અકસ્માતઃ ટ્રક અને કારની ટક્કર; ૫ વેપારીઓના મોત

બિહારમાં મોટો માર્ગ અકસ્માત થયો છે. બુધવારે રાત્રે પોણા એક વાગ્યાની આસપાસ પટણા-ગયા-ડોભી ફોર લેન હાઈવે પર પરસા બજાર પોલીસ સ્ટેશન વિસ્તારના સુઈયા વળાંક પાસે થયેલા ભયાનક અકસ્માતમાં ૫ લોકોના મોત થયા છે. મૃતકોમાં રાજેશ કુમાર (કુર્જી), સંજય કુમાર સિંહા (પટેલનગર), કમલ કિશોર, પ્રકાશ ચૌરસિયા અને સુનીલ કુમારનો સમાવેશ થાય છે.

આ બધા જંતુનાશકો અને કૃષિ ઉત્પાદનના વેપારીઓ છે. આ અકસ્માત પુરફાર ગતિએ આવતી ગ્રાન્ડ વિટારા કાર પાછળથી આગળ

### કટર અને ક્રેનની મદદથી મૃતકોને બહાર કાઢ્યા

વધી રહેલી ટ્રકમાં પાછળના ભાગે ઘૂસી ગઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે, ગ્રાન્ડ વિટારાના ટુકડા થઈ ગયા. આ દરમિયાન જોરદાર અવાજ સાંભળીને નજીકના વિસ્તારના લોકો ત્યાં પહોંચી ગયા હતા. બાદમાં લોકોએ અકસ્માત અંગે પોલીસને જાણ કરી. માહિતી મળતા પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી હતી. આ માર્ગ અકસ્માત એટલો ભયાનક હતો કે ટક્કરને કારણે ફોર વ્હીલર ટ્રકમાં ફસાઈ ગઈ હતી. કટર અને ક્રેનની મદદથી ફસાયેલા લોકોને બહાર કાઢવામાં આવ્યા. પટણા-ગયા-ડોભી ફોર લેન હાઈવે પર થયેલા ભયાનક અકસ્માત બાદ પાંચેય ઉદ્યોગપતિઓના મૃતદેહ કારમાં ફસાઈ ગયા.




અમેરિકાની વિશ્વ વિખ્યાત હાવર્ડ યુનિવર્સિટીની ટ્રમ્પ સરકારે ૨.૫ બિલિયન ડોલરની રદ કરેલી ગ્રાન્ટ સામે યુનિવર્સિટીએ કરેલા કેસની મેસેચ્યુટલ બોસ્ટનની ફેડરલ કોર્ટમાં સુનાવણી દરમિયાન યુનિવર્સિટીના સમર્થકોના કિમ્સન કહેજ ગૃપના સભ્યો કોર્ટ બહાર એકત્ર થઈ પ્લેકાર્ડ દર્શાવી દેખાવો કરી રહ્યા છે.

# 'યુક્રેન વાટાઘાટો દ્વારા યુદ્ધનો અંત લાવે, નહીં તો હું બળજબરીથી ખત્મ કરાવીશઃ પુતિને ઝેલેન્સકીના પ્રસ્તાવને ફગાવી દીધો

મોસ્કો : રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને બુધવારે યુક્રેનને સીધો સંદેશ આપ્યો કે તેમણે વાતચીત દ્વારા યુદ્ધનો અંત લાવવા માટે તૈયાર રહેવું જોઈએ, નહીં તો હું બળજબરીથી આ યુદ્ધનો અંત લાવીશ. આ સાથે તેમણે એમ પણ કહ્યું કે જો યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકી મોસ્કો આવે છે, તો તેઓ તેમની સાથે વાત કરવા તૈયાર છે. જોકે, યુક્રેને આ પ્રસ્તાવને નકારી કાઢ્યો અને કહ્યું કે મોસ્કોમાં વાતચીતનો પ્રસ્તાવ અસ્વીકાર્ય છે.

રશિયન રાષ્ટ્રપતિએ કહ્યું, જો ઝેલેન્સકી મોસ્કો આવે તો તેઓ વાતચીત માટે તૈયાર છે

"મને લાગે છે કે યુદ્ધનો અંત લાવવા માટે સ્વીકાર્ય ઉકેલ પર સંમત થવું શક્ય બની શકે છે," પુતિને બુધવારે બેઈજિંગમાં ચીનની મુલાકાત



પૂર્ણ કરતા પત્રકારોને જણાવ્યું હતું.

ખાસ કરીને, આપણે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રના વલણ પર નજર નાખી શકીએ છીએ. આપણે ફક્ત તેમના નિવેદનો પર ધ્યાન આપતા નથી, પરંતુ ઉકેલ શોધવાની તેમની નિષ્ઠાવાન ઈચ્છા પણ જોઈ શકીએ છીએ. તેથી, અંધારાવાળી ટનલના અંતે પ્રકાશ છે. ચાલો જોઈએ કે કેવી પરિસ્થિતિ વિકસે છે. જો આવું ન થાય, તો આપણે શસ્ત્રોના બળથી બધું કરવું પડશે.

રશિયન રાષ્ટ્રપતિએ કહ્યું કે જો તેઓ મોસ્કો આવે તો તેઓ ઝેલેન્સકી સાથે વાતચીત કરવા તૈયાર છે, પરંતુ આવી બેઠક ફળદાયી રહેશે કે કેમ તે જોવાનું બાકી છે. દરમિયાન, ઝેલેન્સકી સંભવિત કરારની શરતો પર ચર્ચા કરવા માટે પુતિનને મળવા માટે દબાણ કરી રહ્યા છે.

## પુતિને પોતે હવે આ અંગે મોટો ખુલાસો કર્યો

# પીએમ મોદી અને પુતિને કારની અંદર ગુપ્ત વાતચીત કરી હતી

તિયાનજિન, તા.૪

ચીનના તિયાનજિનમાં આયોજિત SCO સમિટ દરમિયાન કારમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની યાત્રા ચર્ચાનો મોટો વિષય બની ગઈ છે. પુતિને પોતે હવે આ અંગે મોટો ખુલાસો કર્યો છે. ચીનની મુલાકાત દરમિયાન પત્રકારોએ તેમને પૂછ્યું કે, તેમણે પીએમ મોદી સાથે શું ચર્ચા કરી હતી. આ અંગે પુતિને ખુલાસો કર્યો કે, તેમણે પીએમ મોદીને અમેરિકાના અલાસ્કામાં તેમની અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે થયેલી તાજેતરની વાતચીત વિશે વિગતવાર જણાવ્યું હતું. જણાવી દઈએ કે, બંને નેતાઓ તિયાનજિનથી દ્વિપક્ષીય વાટાઘાટ સ્થળ સુધી પુતિનની AURUS લિમોઝીનમાં સાથે મુસાફરી કરી રહ્યા હતા.લગભગ ૪૫ મિનિટ સુધી ચાલેલી આ કાર યાત્રામાં, બંને નેતાઓએ ઘણા મહત્વપૂર્ણ વિષયો પર ચર્ચા કરી હતી. એટલું જ નહીં, હોટેલ પહોંચ્યા પછી પણ, વાત કરવા માટે બંને નેતાઓ લગભગ ૫૦ મિનિટ સુધી કારની અંદર બેઠા હતા. એટલે કે, બંને નેતાઓએ લગભગ દોઢ કલાક સુધી સિક્રેટ વાતચીત કરી હતી. જણાવી દઈએ કે, ગયા મહિને ઓગસ્ટમાં, અલાસ્કામાં યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને વ્લાદિમીર પુતિન વચ્ચે લાંબા સમયથી રાહ જોવાતી શાંતિ મંત્રણા યોજાઈ હતી.



આ બેઠકનો મુખ્ય એજન્ડા યુક્રેન યુદ્ધનો અંત લાવવા અને કાયમી ઉકેલ શોધવાનો હતો. રશિયાના ટોચના આર્થિક રાજદૂત કિરિલ દિમિત્રીવે કહ્યું કે, અલાસ્કા પરિષદ 'ઉત્પાદક' હતી અને અમેરિકાએ રશિયાનું 'સારું સ્વાગત' કર્યું હતું. તેમણે કહ્યું કે, ઘણા મુદ્દાઓ પર સર્વસંમતિ થઈ છે અને બંને દેશોએ ભવિષ્યમાં આર્થિક સહયોગ વધારવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

ઉલ્લેખનીય છે કે, પીએમ મોદી અને પુતિન તિયાનજિનથી દ્વિપક્ષીય વાતચીત સ્થળ સુધી એક કારમાં સાથે ગયા હતા. આ કાર પુતિનની AURUS લિમોઝીન હતી. આ દરમિયાન, બંને નેતાઓ વચ્ચે ઘણા મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક ચર્ચા થઈ હતી.

અહેવાલો અનુસાર, હોટેલ પહોંચ્યા પછી પણ, બંને નેતાઓ લગભગ ૪૫ થી ૫૦ મિનિટ સુધી કારમાં બેઠા રહ્યા અને તેમની ખાનગી વાતચીત ચાલુ રાખી હતી.

રશિયન રાષ્ટ્રીય રેડિયો સ્ટેશન વેસ્ટિક્સએ જણાવ્યું હતું કે, 'હોટલ પહોંચ્યા પછી પણ બંને નેતાઓ કારમાંથી બહાર નીકળવાને બદલે લગભગ ૫૦ મિનિટ સુધી ખાનગીમાં વાત કરી રહ્યા હતા.' મોસ્કોના કેટલાક કમેન્ટેટરએ તો એમ પણ કહ્યું હતું કે, આ કદાચ મોદી અને પુતિન વચ્ચેની સૌથી મહત્વપૂર્ણ ગુપ્ત ચર્ચા હતી, જેમાં ઘણા એવા મુદ્દાઓ પર વાત થઈ હશે, જે 'કોઈના કાન સુધી ન પહોંચવી જોઈએ.'

### લગભગ ૪૫ મિનિટ સુધી ચાલેલી આ કાર યાત્રામાં, બંને નેતાઓએ ઘણા મહત્વપૂર્ણ વિષયો પર ચર્ચા કરી હતી

## દિલ્હીમાં હાલ પૂરનું ભારે સંકટ ઊભું થયું

# સ્મશાનથી લઈને સચિવાલય સુધી પાણી-પાણી

નવી દિલ્હી, તા.૪

દિલ્હીમાં હાલ પૂરનું ભારે સંકટ ઊભું થયું છે. યમુના નદીનું જળસ્તર જોખમના નિશાનથી ઉપર વહી રહ્યું છે અને તેની સીધી અસર જાહેર જીવન પર

### દિલ્હીમાં સ્વામી નારાયણ મંદિર, ફૂટઓવર બ્રિજ અને સિવિલ લાઈન્સ વિસ્તાર પણ પાણીથી ભરાઈ ગયા છે

દેખાઈ રહી છે.

પરિસ્થિતિ એટલી ગંભીર બની ગઈ છે કે, પૂરના પાણી દિલ્હી સચિવાલય સુધી પહોંચી ગયા છે, જ્યારે મયુર વિહાર ફેઝ-૧ માં બનેલા રાહત શિબિરો પણ ડૂબી ગયા છે. સ્વામી નારાયણ મંદિર, ફૂટઓવર બ્રિજ અને સિવિલ લાઈન્સ વિસ્તાર પણ પાણીથી ભરાઈ ગયા છે. અહીંના બંગલા પણ પાણીમાં ગરકાવ જોવા મળી રહ્યા છે.




બીજી બાજું, નેશનલ હાઈવે ૪૪ પર અલીપુર પાસે ફ્લાયઓવરનો એક ભાગ તૂટી પડ્યો, જેમાં એક વાહન ફસાઈ ગયું અને ડ્રાઈવર ઈજાગ્રસ્ત થયો.

સચિવાલય, રાહત શિબિરો અને રસ્તાઓમાં પાણી ઘૂસી ગયા હોવાથી, સ્પષ્ટ છે કે દિલ્હી હાલ પૂરના પ્રકોપનો સામનો કરી રહી છે અને લોકો સલામતી તેમજ અવર-જવરનો માટે પણ અનેક પડકારોનો સામનો કરી રહ્યા છે. ગીતા કોલોની પરિસરમાં પૂરના પાણી ભરાઈ જવાને કારણે અંતિમ સંસ્કાર બંધ કરી દેવામાં આવ્યા છે.

દિલ્હી સચિવાલય પાસે યમુનાનું પાણી પહોંચી ગયું છે. યમુના પૂરના મેદાનને અડીને આવેલા દિલ્હી સચિવાલયના અંડરપાસમાં પાણી ભરાઈ રહ્યું છે, તેને દૂર કરવા માટે સક્શન પાઈપ પણ લગાવવામાં આવી છે, પરંતુ હાલ તે હજુ પણ પાણીથી ભરેલું છે.

આ સાથે, યમુના નદીના વધતા જળસ્તરને કારણે, કાશ્મીરી ગેટ વિસ્તારના કેટલાક ભાગોમાં પાણી ભરાઈ ગયું છે. ડ્રોનથી લેવામાં આવેલી તસવીરો દર્શાવે છે કે યમુનાના પાણીનું સ્તર સતત વધી રહ્યું છે. કાશ્મીરી ગેટ બસ ટર્મિનલ ડૂબી ગયું છે.

# પંજાબમાં ભયાવહ પૂરનું સંકટઃ ૩૭ લોકોનાં મોત

ચંડીગઢ/હરિયાણા, તા.૪

પંજાબમાં અવિરત વરસાદ તથા ઉપરવાસમાંથી છોડવામાં આવેલા પાણીને પગલે ભયાવહ પૂરની સ્થિતિ નિર્માણ પામી છે. પંજાબમાં ૧૯૮૮ પછીનું આ સૌથી ખતરનાક પૂર ગણવામાં આવે છે. તંત્ર દ્વારા રાજ્યના તમામ ૨૩ જિલ્લાને પૂરગ્રસ્ત જાહેર કરાયા છે. પ્રાપ્ત વિગતો મુજબ વરસાદ અને પૂર સંલગ્ન ઘટનાઓમાં પંજાબમાં ૩૭ લોકોનાં મોત થયા છે જ્યારે ૩.૫ લાખ લોકો પ્રભાવિત થયા છે. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને જણાવ્યું કે, જ્યારે દેશ પર સંકટ આવ્યું છે ત્યારે પંજાબ હંમેશા પડખે ઊભું રહ્યું છે.આજે પંજાબ પર સંકટ આવ્યું છે ત્યારે દેશે તેને મદદ કરવી જોઈએ. ફીરોઝપુરમાં પૂરની સ્થિતિનું નિરક્ષણ કર્યા બાદ સીએમ માને ઉમેર્યુ કે, વિશેષ સર્વે બાદ લોકોને નુકસાનનું વળતર ચૂકવવામાં

### પંજાબમાં ભારે વરસાદને પગલે ખેતરોમાં પણ પાણી ભરાઈ જતા ૧.૪૮ લાખ હેક્ટરમાં પાક નષ્ટ થયો હોવાનું જણાયું છે

આવશે. સતલજ, બિયાસ અને રાવિ ઉપરાંત રાજ્યમાં આવેલા તમામ નદી-નાળા છલકાઈ જતા ૧,૬૫૫ ગામોમાં જળ ત્યાં સ્થળ જોવા મળે છે. હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીર પર ભારે વરસાદથી જળબંબોળ થયા છે. દિલ્હીમાં પણ યમુના નદીના પાણી બજારો અને ઘરોમાં ઘૂસતાં લોકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. પંજાબમાં ભારે વરસાદને પગલે ખેતરોમાં પણ પાણી ભરાઈ જતા ૧.૪૮ લાખ હેક્ટરમાં પાક નષ્ટ થયો હોવાનું જણાયું છે. રાજ્યની તમામ શાળા, કોલેજ અને યુનિવર્સિટીઓમાં ૭ સપ્ટેમ્બર સુધી રજા જાહેર કરાઈ છે. હરિયાણામાં પણ વરસાદ અને પૂર સંલગ્ન અલગ અલગ બનાવોમાં છ લોકોનો ભોગ લેવાયો હતો. જમ્મુ-કાશ્મીરના કાંગડીમાં મકાન ધરાશયી થતાં માતા- પુત્રીના મોત થયા હતા.

## બિલનું બંધારણીય ઔચિત્ય ચકાસવાની સત્તા રાજ્યપાલને નથી

નવી દિલ્હી, તા.૪

ધારાસભાએ પસાર કરેલા બિલને મંજૂરીમાં વિલંબ બાબતે રાજ્યપાલ-રાષ્ટ્રપતિની સત્તાને પડકારતા કેસની સુનાવણી સુપ્રીમ કોર્ટમાં ચાલી રહી છે. એક્ઝિક્યુટિવ્સની સત્તા અમર્યાદ ન હોવાની રજૂઆત કરતાં પશ્ચિમ બંગાળ સરકારે સુપ્રીમ કોર્ટમાં દલીલ કરી હતી કે, ધારાસભાની પ્રક્રિયામાં દખલ કરવાની સત્તા રાજ્યપાલ અને રાષ્ટ્રપતિ પાસે ન હોવાથી નાગરિકોની ઈચ્છા સ્વરૂપે પસાર થયેલા બિલનું ભવિષ્ય રાજ્યપાલ-રાષ્ટ્રપતિના તુક્કા-તરંગો પર નિર્ભર હોઈ શકે નહીં. ચીફ જસ્ટિસ બી આર ગવઈની અધ્યક્ષતાવાળી પાંચ જજની બંધારણીય બેન્ચ સમક્ષ તૃણમૂલ કોંગ્રેસ શાસિત રાજ્ય સરકારે જણાવ્યુ હતું કે, સાર્વભૌમત્વની સત્તા સામે રાજ્યપાલ સવાલ કરી શકે નહીં.

**દર્શન ઓર્ના લિમિટેડ**

**રજિસ્ટર્ડ ઓફિસ :** સર્વે નંબર ૦૨૧૦૫+૨૧૦૬/૩/લવાર ની પોળ, શેખસરૈયા ચેમ્બર્સ, મદન ગોપાલ હવેલી રોડ, માણેક ચોક, અમદાવાદ - ૩૮૦૦૦૧

**CIN** : L36910GJ2011PLC063745 || **Contact** : 07922142568

**Website** : www.darshanorna.co.in || **E-mail** : compliancingdarshan@gmail.com

**૧૪મી વાર્ષિક સામાન્ય સભાની નોટિસ**

દર્શન ઓર્ના લિમિટેડની ૧૪મી વાર્ષિક સામાન્ય સભા ("AGM") **૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ શનિવારના રોજ સવારે ૧૧.૩૦ વાગ્યે** વિડીયો કોન્ફરન્સિંગ ("VC") / અન્ય ઓડિયો-વિઝ્યુઅલ માધ્યમો ("OAVM") દ્વારા કંપની અધિનિયમ, ૨૦૧૩ ની લાગુ જોગવાઈઓ, જે ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૪ ના MCA પરિપત્ર નં. ૦૯/૨૦૨૪ અને ૩ ઓક્ટોબર, ૨૦૨૪ ના સેબી પરિપત્ર નં. SEBI/HO/CFD/CFD-PoD-2/P/CIR/2024/133 સાથે વાંચવામાં આવશે, ૧૪મી AGM બોલાવવાની નોટિસમાં દર્શાવેલ વ્યવસાયો ચલાવવા માટે.

૧૪મી વાર્ષિક સામાન્ય સભા બોલાવવાની નોટિસની ઈલેક્ટ્રોનિક નકલ, જેમાં અન્ય બાબતો ઉપરાંત, ઈ-વોટિંગ માટેની પ્રક્રિયાઓ અને સૂચનાઓ અને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે સંકલિત વાર્ષિક અહેવાલ, એવા સભ્યોને યોગ્ય સમયે મોકલવામાં આવશે જેમનું ઈમેઈલ આઈડી કંપની / ડિપોઝિટરી સહભાગી સાથે નોંધાયેલ છે. કંપની કટ-ઓફ તારીખ એટલે કે, શનિવાર, ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ શેર ધરાવતા સભ્યોને ઈલેક્ટ્રોનિક માધ્યમથી વોટિંગ કરવાનો અધિકાર વાપરવા માટે ઈ-વોટિંગ સુવિધા પૂરી પાડશે. VC/ OAVM દ્વારા AGM માં જોડાવા માટેની સૂચનાઓ અને ઈ-વોટિંગ માટેની પ્રક્રિયા AGMની નોટિસનો ભાગ બનશે. જે સભ્યોએ પોતાનો ઈ-મેલ આઈડી રજીસ્ટર કરાવ્યો નથી તેમને વહેલી તકે નોંધણી કરાવવા વિનંતી કરવામાં આવે છે:

એ. ડીમેટ ફોર્મમાં રાખેલા શેરના સંદર્ભમાં - તેમના ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ (DPs) સાથે.

બી. ફીઝીકલ સ્વરૂપમાં રાખેલા શેરના સંદર્ભમાં - (i) કંપનીના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ એટલે કે KFin ટેક્નોલોજીસ લિમિટેડને ફોલિયો નંબરની વિગતો અને પાનકાર્ડની સ્વ-પ્રમાણિત નકલ KFin ટેક્નોલોજીસ લિમિટેડ, સેલેનિયમ બિલ્ડીંગ, ટાવર-બી, પ્લોટ નં. ૩૧ અને ૩૨, ફાઈનાન્શિયલ ડિસ્ટ્રિક્ટ, નાનકરામગુડા, સેરીલિંગમપલ્લી, હૈદરાબાદ, રંગારેડ્ડી, તેલંગાણા - ૫૦૦૦૩૨ ખાતે મોકલવી અથવા (ii) investorrelations@kfintech.com પર ઈમેઈલ કરવો.

ડિમેટ સ્વરૂપમાં શેર ધરાવતા સભ્યો નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે ૧૪મી AGM અને સંકલિત વાર્ષિક અહેવાલની નોટિસ મેળવવાના મર્યાદિત હેતુ માટે તેમના ઈમેઈલ સરનામાંની નોંધણી કરાવવા માટે ઉપરોક્ત ઈમેઈલ આઈડી પર ઈમેઈલ પણ મોકલી શકે છે.

કંપની સભ્યોને ઈલેક્ટ્રોનિક માધ્યમથી વોટિંગ કરવાના તેમના અધિકારનો ઉપયોગ કરવાની સુવિધા પૂરી પાડશે. ૧૪મી વાર્ષિક સામાન્ય સભામાં VC / OAVM દ્વારા જોડાવા માટેની સૂચનાઓ અને ઈ-વોટિંગની પ્રક્રિયા (જે સભ્યો ફીઝીકલ સ્વરૂપમાં શેર ધરાવતા હોય અથવા જેમણે પોતાનું ઈમેલ સરનામું રજીસ્ટર કરાવ્યું ન હોય તેઓ ઈ-વોટિંગ દ્વારા વોટિંગ કેવી રીતે કરી શકે છે તે સહિત) ૧૪મી વાર્ષિક સામાન્ય સભાની નોટિસનો ભાગ બનશે.

૧૪મી વાર્ષિક સામાન્ય સભા બોલાવવાની નોટિસ અને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે સંકલિત વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ www.darshanorna.co.in અને સ્ટોક એક્સચેન્જ એટલે કે BSE www.bseindia.com પર પણ યોગ્ય સમયે ઉપલબ્ધ રહેશે.

દર્શન ઓર્ના લિમિટેડ માટે

તારીખ : ૦૪-૦૯-૨૦૨૫ sd/- **રીતેશ મહેન્દ્રભાઈ શેઠ**

સ્થળ : અમદાવાદ મેનેજિંગ ડિરેક્ટર - DIN : 07100840

**વિવિડ મર્કેન્ટાઈલ લિમિટેડ**

**રજિસ્ટર્ડ ઓફિસ :** જી/૧૯, હેમકુટ ઓનર્સ એસોસિએશન, કેપિટલ કોમ સેન્ટર સામે, આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯, ગુજરાત.

**CIN** : L74110GJ1994PLC021483 || **Contact** : 982405 0699

**Website** : www.vividmercantile.com; || **Email** : complianceviel@gmail.com

**૩૧મી વાર્ષિક સામાન્ય સભાની નોટિસ**

આથી નોટિસ આપવામાં આવે છે કે વિવિડ મર્કેન્ટાઈલ લિમિટેડના સભ્યોની ૩૧મી વાર્ષિક સામાન્ય સભા (AGM) શનિવાર, ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ બપોરે ૧૨:૦૦ વાગ્યે વિડીયો કોન્ફરન્સ ("VC") દ્વારા યોજાશે, જેથી ૩૧મી AGM ની સૂચનામાં દર્શાવેલ વ્યવસાયનું સંચાલન કરી શકાય, જે AGM બોલાવવા માટે પરિપત્ર કરવામાં આવી રહી છે. કંપનીએ ૩૧મી AGM બોલાવવાની નોટિસ સાથે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટેનો વાર્ષિક અહેવાલ ઈલેક્ટ્રોનિક માધ્યમથી તે શેરધારકોને મોકલી દીધો છે જેમના ઈમેઈલ સરનામાં કંપની અને/અથવા ડિપોઝિટરીઝ સાથે નોંધાયેલા છે, જે કોર્પોરેટ બાબતોના મંત્રાલય અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરાયેલા પરિપત્રો અનુસાર છે. ૩૧મી AGM ની નોટિસ સાથેનો વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ www.vividmercantile.com અને નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (NSDL) ની વેબસાઈટ www.evoting.nsdl.com પર પણ ઉપલબ્ધ છે.

કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ની કલમ ૧૦૮, કંપનીઝ (મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશન) રૂલ્સ, ૨૦૧૪ ના નિયમ ૨૦ સાથે વાંચવામાં આવે છે, સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના રેગ્યુલેશન ૪૪ અને ઈન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરી ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરાયેલ સેક્રેટરીયલ સ્ટાન્ડર્ડ્સ ઓન જનરલ મીટિંગ ("SS-2") મુજબ, કંપની તેના તમામ સભ્યોને NSDL દ્વારા પૂરી પાડવામાં આવેલ ઈલેક્ટ્રોનિક વોટિંગ સિસ્ટમનો ઉપયોગ કરીને ઈલેક્ટ્રોનિક માધ્યમ (ઈ-વોટિંગ) દ્વારા AGM ની નોટિસામાં રજૂ કરવામાં આવનાર તમામ ઠરાવો પર પોતાનો વોટ આપવાની સુવિધા પૂરી પાડી રહી છે. સભ્યોના વોટિંગ અધિકારો શનિવાર, ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ ("કટ-ઓફ તારીખ") ના રોજ કંપનીના પેઈડ-અપ ઈક્વિટી શેરમાં તેમના દ્વારા રાખવામાં આવેલા ઈક્વિટી શેરના પ્રમાણમાં રહેશે. કંપની અધિનિયમ, ૨૦૧૩ ની જોગવાઈ અને તેના હેઠળ બનાવેલા નિયમો અનુસાર વિગતો જરૂરી છે:

૧. બુક ક્લોઝર સમયગાળો ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ શરૂ થશે અને ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ સમાપ્ત થશે (બંને દિવસો સહિત);

૨. રિમોટ ઈ-વોટિંગ સમયગાળો બુધવાર, ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ સવારે ૦૯:૦૦ વાગ્યે શરૂ થશે અને શુક્રવાર, ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ સાંજે ૦૫:૦૦ વાગ્યે સમાપ્ત થશે.

૩. ઈ-વોટિંગના હકદારીના અધિકારો નક્કી કરવા માટેની કટ-ઓફ તારીખ શનિવાર, ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ છે;

૪. ઉપરોક્ત જણાવેલ સમયગાળા પછી સભ્યોને રિમોટ ઈ-વોટિંગ દ્વારા વોટિંગ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં;

૫. નોટિસ મોકલ્યા પછી કંપનીનો હિસ્સો મેળવનાર અને કંપનીના સભ્ય બનનાર અને કટ-ઓફ તારીખ સુધી શેર ધરાવનાર શેરધારક, AGM ની નોટિસમાં જણાવેલ પગલાંઓનું પાલન કરીને તેમના વોટિંગ અધિકારોનો ઉપયોગ કરી શકે છે;

૬. જે સભ્યોએ AGM પહેલા રિમોટ ઈ-વોટિંગ દ્વારા વોટિંગ કર્યું છે તેઓ પણ AGM માં હાજરી આપી શકે છે/ ભાગ લઈ શકે છે પરંતુ ફરીથી વોટિંગ કરવા માટે હકદાર રહેશે નહીં.

૭. બોર્ડે ઈ-વોટિંગ પ્રક્રિયાની ચકાસણી કરવા માટે સ્ક્રુટિનાઈઝર તરીકે કામ કરવા માટે મેસર્સ નીલમ સોમાણી એન્ડ એસોસિએટ્સ, પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરીની નિમણૂક કરી છે, જેઓ વોટિંગ ના પરિણામો ચેરમેનને સુપરત કરશે.

૮. રિમોટ ઈ-વોટિંગ સંબંધિત કોઈપણ પ્રશ્નો/ ફરિયાદોના કિસ્સામાં, તમે www.evoting.nsdl.com પર ઉપલબ્ધ શેરધારકો માટે વારંવાર પૂછાતા પ્રશ્નો ('FAQs') અને શેરધારકો માટે ઈ-વોટિંગ વપરાશકર્તા માર્ગદર્શિકા જોઈ શકો છો જે મદદ વિભાગ હેઠળ ઉપલબ્ધ છે અથવા 022-23058542/43 પર સંપર્ક કરી શકો છો.

વિવિડ મર્કેન્ટાઈલ લિમિટેડ માટે

તારીખ : ૦૪-૦૯-૨૦૨૫ sd/- **સતિષકુમાર રમણલાલ ગજ્જર**

સ્થળ : અમદાવાદ મેનેજિંગ ડિરેક્ટર - DIN : 05254111